જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૬/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૨૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૨	૧	૧૧૫૧૩	૧૭૬૩૧	૧	૧૭૬૩૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૮	૦	૮૮	૩૦૩	૯	૩૧૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૪૧૮૫	૨૬૩	૫૪૪૪૮	૫૪૮૨૨	૨૭૨	૫૫૦૯૪
કુલ		૭૦૪૯૩	૨૬૪	૭૦૭૫૭	૭૮૯૯૯	૨૮૨	૭૯૨૮૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૫૧	3,૪૦,૨૦૦/-

પત્રક-3			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯03	૧૯,03,000/-

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન દ્વારા વેક્સીનેશન કેમ્પનુ આયોજન કરવા બાબત

આજરોજ તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ મે.પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની સૂચનાથી અમદાવાદ મ્યુન્સીપલ કોર્પોરેશન હેલ્થ વિભાગના ડો.શ્રીઓના સંકલનમાં રહી અત્રેના પો.સ્ટે વિસ્તારમાં આવેલ અમદાવાદ મ્યુ.કોર્પોરેશન સેન્ટર સ્ટોર ખાતે વેક્સીનેશન કેમ્પનુ આયોજન કરવામા આવેલ જે કેમ્પમાં અધિક પોલીસ કમિશ્નર સા.શ્રી, સેક્ટર-૧, અમદાવાદ શહેર તેમજ નાયબ પોલીસ કમિશ્નર સા.શ્રી, ઝોન-૩ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર સા.શ્રી, "ઇ" ડીવીઝન તેમજ જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસ બાપુ તથા મંદિરના સ્ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર ઝા તેમજ રાયખડ અર્બન હેલ્થ સેન્ટરના ડોકટરશ્રી તેમજ સ્થાનિક શાંતિ સમિતિના સભ્યોની પ્રેરક ઉપસ્થિતિમાં કોવિડ-૧૯ ના વેક્સીનેશન કેમ્પનુ આયોજન કરવામા આવેલ. જે વેક્સીનેશન કેમ્પનુ ઉદ્ઘાટન કરી હાજર વેપારીઓને વેક્સીન અંગેના ફાયદાઓ જણાવી વેક્સીન લેવા સમજ કરેલ હતી જે વેક્સીનેશન કેમ્પમાં મોટા પ્રમાણમાં વેપારીઓ તેમજ લોકો હાજર રહી કોવિડ-૧૯ વેક્સીન લીધેલ પોલીસ સ્ટેશન વિસ્તારના APMC માર્કેટ જમાલપુર, તથા ફૂલ બજારના વેપારીઓનો બહોળો પ્રતિસાદ મળતા કેમ્પમાં ૭૦ જેટલા વેપારીઓએ વેક્સીન લીધેલ છે. આ વેક્સીનેશન કેમ્પમા મદદનીશ પોલિસ.કમિશ્નર શ્રી ઇ. ડિવિઝન તેમજ ગાયકવાડ હવેલી પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી તથા રાયખડ અર્બન હેલ્થ સેન્ટરનો સ્ટાફ તેમજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહી કામગીરી કરેલ છે. અને આ કેમ્પ આવતી કાલ સુધી રાબેતા મુજબ ચાલુ રહેશે. અને વેક્સીનેશન કેમ્પનો ઉદ્દેશ સાર્થક નિવડેલ છે









નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯૮ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી ૬૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૪,૧૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૨૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૦૨૮/૨૦૨૧**

સેટેલાઈટઃ જીગ્નેશ પ્રફુલભાઇ ઠાકર (ઉ.વ.૩૭) (રહે. સત્યદિપ હાઇટ્સ મકરબા) એ તા.૦૯/૦૬/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૧/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ શિવરંજની ત્રિપોલી મેનેજમેન્ટ પ્રા.લી. કંપનીની ઓફિસ ખાતેથી આરોપી સાંઇ ટેડ્રર્સના માલી (૧) દર્શન બાબુભાઇ મોદી અને (૨) મધુકાંતાબહેન બાબુભાઇ મોદી (બન્ને રહે. દીપ ટેનામેન્ટ ઇન્દ્રજીત સોસાયટી પાસે ડાયમંડ મીલ સામે નિકોલ ગામ રોડ) એ ભેગા મળી પાવર લુમના નંગ-૨ મશીન ખરીદી કરવા સારૂ જીગ્નેશ ઠાકરની કંપનીમાં બે પાવર લુમ મશીનના ક્વોટેશન રજુ કરી જીગ્નેશ ઠાકરની કંપનીને નાણાકીય લોન આપવા જણાવી વિશ્વાસ અને ભરોસો આપી લોન મેળવી અને દરમ્યાન જીગ્નેશ ઠાકરની કંપનીના બાકી લોનના નાણા ૧૦,૭૦,૭૦૧/- પરત નહી ચુકવી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમિતકુમાર નરસિંહભાઇ ચલાવે છે.

પાલડીઃ નરેશ કનૈયાલાલ નાગર (ઉ.વ.૪૭) (રહે. પરિષ્કાર-૧ ખોખરા સર્કલ ખોખરા) એ તા.૦૯/૦૬/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નરેશ નાગર તથા સાહેદોએ અંદમાર નીકોબારની ટુર માટે એન.આઇ.ડી પાલડી ખાતે ટ્રોપીકલ અંદમાન ટુર્સના માલીક વીવેકલાલનાઓને સંપર્ક કરી ૨૦ જેટલા વ્યક્તિઓની ટીકીટ બુકીંગ માટે રૂપિયા ૬૦,૮૦૦૦/- આપેલ બાદ લોકડાઉન થતા ટુર કેન્સલ થયેલ હોય ફરીથી પણ ટીકીટ બુક કરાવવા કહેવા છતા ટીકીટો બુક નહી કરાવી તથા ટુરના આપેલ નાણા ૬૦,૮૦૦૦/- પરત નહી આપી નરેશ નાગર તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.સિંધવ ચલાવે છે.

વેજલપુરઃ કમરૂદ્દિન બદરૂદ્દિન શેખ (ઉ.વ.૪૮) (રહે. સંકલીતનગર અલમુકામ ફલેટ પાછળ જુહાપુરા) એ તા.૦૯/૦૬/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કમરૂદ્દિન શેખનાઓની આયસર ગાડી નંબર જીજે ૧૬ ડબલ્યુ ૩૯૫૮ વેચવાની હોઈ ગાડીની લે-વેચ કરતા આરોપી (૧) લલીતકુમાર ચંપાલાલ નાહર (રહે. શ્યામહરી ફલેટ સરદાર પેટેલ સ્કુલ રોડ મણીનગર) અને (૨) બજરંગસિંહ ઉર્ફે પ્રકાશ રાજપુરોહીત નાઓનો સંપર્ક કર્યો હતો. જેઓએ તા.૦૯ /૦૬/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગે આયસર ગાડી વેચાણ પેટે રૂપિયા ૪,૮૦,૦૦૦/- નક્કી કરી જેના બાના પેટે રૂપિયા ૧,૦૦,૦૦૦/- આપી આયસર ગાડી લઈ જઈ બાકીના રૂપિયા ૩,૮૦,૦૦૦/- નહી આપી કે ગાડી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૦૨૯/૨૦૨૧**

શહેરકોટડાઃ વિશાલ ગુણવંતલાલ પરમાર (રહે. કુદરત હીલ એપાર્ટમેન્ટ નવયુગ સ્કુલ પાસે મોહનગર રોડ નવા નરોડા) એ તા.૦૯/૦૬/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૬/૨૦૨૧ સાજના ૬/૦૦ થી તા.૦૫/૦૬/૨૦૨૧ કલાક ૬/૩૦ વાગ્યા દરમ્યાન અશોકમીલની નવી ચાલી ગેટ નંબર-૧ નજીક શૌર્ય પાન પાર્લર નામની પોતાની દુકાનના શટર ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી પાન પાર્લરનો સામાન કિમત રૂપિયા ૪૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૩૦/૨૦૨૧**

વટવાઃ રામોલ વસ્ત્રાલ ગામ ભરવાડ વાસ ખાતે રહેતા દીલીપસિહ સ/ઓ મોડસિહ રાજપુત (ઉ.વ.૩૩) (મુળ વતન. ગામ- પંડેર સુરમંડ જિ-ઉદેપુર રાજસ્થાન) તા.૦૯/૦૬/૨૦૨૧ બપોરના ૧/૪૦ વાગ્યા પહેલા વટવા જીઆઇડીસી ફેઝ-૪ પ્લોટ નંબર ૬૧૪ વરીયા પ્રતિક એન્જી.કંપની ખાતે કંપનીના સેડના પતરા ફીટ કરતા હતા ત્યારે સિમેન્ટનું પતરું તુટી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પાચમાં માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૩૧/૨૦૨૧**

વેજલપુરઃ ધાટલોડીયા જે.જે.હોસ્પીટલ પાસે ચાણ્યકયપુરી સોસાયટી ખાતે રહેતા સુધાંશુશેખર જુગલપ્રસાદ નાયક (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ- ગોમુ તા-બરી જી-જાજપુર ઓડીસા) તા.૦૯/૦૬/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે વેજલપુર જલદિપ આઈકોન-૦૨ સાઈટ ઉપર ડી-બ્લોકના પાંચમાં માળે પાલખ ઉપર ઉભા રહી પ્લમ્બિંગનુ કામ કરતા હતા ત્યારે પાલખનો ટેકો તુટી જતા તેઓ નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડોક્ટરશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૩૨/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ નરેશ ચુનીલાલ બડાઈ (ઉ.વ.૧૬) (રહે. ખોડીયારનગર દબાણ ગોડાઉન પાસે દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૧ બપોરના ૨/૧૦ વાગ્યા પહેલા આંબેડકર બ્રિજ પાસે નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

વાડજઃ ડમ્બરસિંગ ભીમસિંગ સોનાર (ઉ.વ.૪૩) (રહે. જવાહરનગરનાં છાપરાં આનંદનગર સોસાયટી સામે અખબારનગર ચાર રસ્તા પાસે નવા વાડજ) એ બિમારીથી કંટાળી તા.૦૯/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે લોખંડના પાઇપ સાથે ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

વટવાઃ નિહારીકાબહેન વા/ઓ નિલેશભાઈ ઉર્ફે નિરવ ઉર્ફે કેવલરાજ ખત્રી (ઉ.વ.૨૬) (રહે. સતેજ હોમ્સ અયોધ્યા ફલેટ પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૬/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “જે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી